Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

॥ શ્રી ગણેશાય નમઃ ॥ MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY) ॥ શ્રી ઉમિયાય નમઃ ॥

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

September 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૬ ● અંક ૨૮૨ ❐ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❐ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૧૧/૨૦૨૫ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

॥ હરિ ૐ ॥

નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૮૨ના નૂતન વર્ષાભિનંદન લાભ-શુભ પાંચમના સરસ્વતી વંદના. દેવી સરસ્વતી, વિણા વાદીની, સંવેદનાથી, પ્રકાશથી, સત્યથી ભરપૂર અંતરમનને ઝંઝોળીને પારદ્રષ્ટિ આપી પાયવિમોચન કરતી દેવી મા શારદાને કોટી કોટી વંદના ।

અસતોમા સદ્ગમય, તમસો મા જ્યોર્તિગમય, મૃત્યદેમા અમૃતમ્ ગમય સત્યને ઉજાગર કરી, અંધકારથી પ્રકાશ તરફ ગતી કરતાં પાપરહીત થઈ કલ્યાણ તરફ પ્રયાણ કરી 'ઈશ'ને શરણે 'શ્રીજી'ને શરણે જઈએ એજ હાર્દિક અભ્યર્થના સહ જગતના સર્વજીવોનું કલ્યાણ થાઓ, સર્વત્ર સત્ય, ન્યાય અને શાંતિનું સામ્રાજય હો એવી 'શ્રીજી'ને પ્રાર્થના.

અષાઢી એકાદશીથી કારતકી એકાદશીના ચાતુર્માસ દરમ્યાન કહેવાય છે કે શ્રી વિષ્ણુ ભગવાન ક્ષીરસાગરમાં યોગનિદ્રાવશ હોય છે, આ સમય દરમ્યાન માતા લક્ષ્મીજી શ્રી ગણેશજીને પુત્રવત પોતાની સાથે રાખીને ભ્રમણ કરે છે. શ્રી ગણેશજી માતા લક્ષ્મીજી સંગાથે સૌ જીવો પર અનંતકોટી મહેર કરે છે. કુબેર ભંડારી જે દ્રવ્યના ભંડારી છે પણ દ્રવ્યની મહેર કરી શક્તા નથી. શ્રી ગણેશજી છૂટે હાથે માતા લક્ષ્મીજી

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ (મુંબઈ)

### નવા વર્ષ નિમિતે સ્નેહમિલન અને સરસ્વતી સન્માન ૨૦૨૫નો અહેવાલ

નૂતન સંવત વર્ષ ૨૦૨૮૨નું સ્વાગત માટે તારીખ ૨૫ ઓક્ટોબર ૨૫ના બપોરે ૩.૩૦ કલાકે ટ્રસ્ટ ફંડ દ્વારા સ્નેહમિલન અને સરસ્વતી સન્માન સભાની શુભ શરૂઆત કુળદેવીમાં ઉમિયા માતાજી અને ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણના દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. દીપપ્રાગટ્ય માટે ટ્રસ્ટ ફંડના ચેરમેન કાંતિલાલ સેંઘાણી, વાઈસ ચેરમેન નરેન્દ્રભાઈ ધોળું, મેનેજીંગ ટ્રસ્ટી પ્રકાશ માવાણી, સહ મેનેજિંગ ટ્રસ્ટી જયંતિલાલ રામજીયાણી, મનસુખ વાડિયા, ખજાનચી પ્રવીણભાઈ ધોળું, યુવા મંડળ પ્રમુખ અને મહિલા મંડળ પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ સહ મેનેજિંગ ટ્રસ્ટી જયંતિલાલ રામજીયાણી દ્વારા સ્ટેજ પર સર્વ ટ્રસ્ટીશ્રીઓ સ્થાન ગ્રહણ કરાવેલ અને આવેલ જ્ઞાતિજનોનું અને વિદ્યાર્થીઓનું સ્વાગત કરેલ.

મેનેજિંગ ટ્રસ્ટી પ્રકાશભાઈ માવાણીએ જણાવેલ કે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવ વર્ષ નિમિતે સ્નેહમિલનનું આયોજન સાથે સરસ્વતી સન્માન પાર્ટ ૨નું આયોજન કરવામાં આવ્યું છે. આજની સભાને આપણે બે સત્રમાં રાખેલ છે જેમાં પ્રથમ સત્ર સ્નેહમિલન નવા વર્ષની

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (મુંબઈ) સામાજિક અને આધ્યાત્મિક સમિતિ

### ગીતા પઠન સ્પર્ધા - ૨૦૨૫

સનાતન સંસ્કૃતિના સંવર્ધન અને બાળમાનસમાં આધ્યાત્કિતા પ્રત્યેનો રસ વધે તે હેતુથી શ્રી ક.ક.પા. સનાતન યુવા મંડળ મુંબઈની સામાજિક અને આધ્યાત્કિ સમિતિ દ્વારા ગીતા પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભગવદ્ ગીતા-અધ્યાય ૧૨ના પ્રથમ ૧૦ શ્લોકનું કંઠસ્થ પણ કરવાનું રહેશે જેના શુદ્ધ ઉચ્ચારણને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે.

**સ્પર્ધા અંગેની માહિતી :-**

| | |
|---|---|
| સ્પર્ધા તારીખ | : ૩૦-૧૧-૨૦૨૫, રવિવાર |
| સમય | : સવારે ૯.૦૦ કલાકે |
| સ્થળ | : ઓનલાઈન (online) |
| વય મર્યાદા | : ૫ થી ૧૬ વર્ષ |
| રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ | : ૨૫-૧૧-૨૦૨૫ |

**નામ નોંધાવવા સંપર્ક :** મમતા પોકાર : ૯૮૭૦૭૫૭૯૭૩ * વૈશાલી છાભૈયા : ૯૮૬૯૩૯૧૧૨૩
કૃપાલી રંગાણી : ૯૯૨૦૫૬૩૫૪૪

આવો સાથે મળી સનાતની પ્રવાહને મજબૂત કરીએ
સમિતિ કન્વિનર : પ્રિતી જયેશ ભગત

**પ્રમુખ : વિનય છાભૈયા - મહામંત્રી : ભાવેશ પોકાર**

સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.

# શ્રી બોરીવલી કચ્છી કડવા પાટીદાર સમાજ આયોજિત દશેરા સ્નેહ મિલન

તા. ૦૨-૧૦-૨૦૨૫ને ગુરૂવાર દશેરાના પાવન દિવસે બોરીવલી કચ્છી કડવા પાટીદાર સમાજની વાર્ષિક જનરલ સભાનું આયોજન શ્રીમાન જયંતીભાઈ અરજણ છાભૈયાના અધ્યક્ષ સ્થાને થયેલ. જેમાં સરસ્વતી સન્માન એવમ વડીલ વંદના સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમાજના સહમંત્રી શ્રી તુલસીભાઈ વાસાણી આવેલ સમાજના તમામ સભ્યોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી સામાન્ય સભાની શરૂઆત કરી હતી. સૌ પ્રથમ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ બોરીવલી સમાજ વતી શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈમાં નવ નવ વર્ષ સુધી સતત ટ્રસ્ટી તરીકેની સેવા આપી છે એવા ટ્રસ્ટી શ્રી હીરાલાલભાઈ માવજી રામજીઆણીનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે સમાજ ઉપયોગી કરેલ કાર્યોને બીરદાવ્યા હતા. તેમજ સમાજના આમંત્રણને માન આપી હાજર રહેલ ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીશ્રીઓ જેમા ચેરમેન શ્રી કાંતિભાઈ સેઘાણી, મે. ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ માવાણી, ટ્રસ્ટી શ્રી હીરાભાઈ પારસિયા, તુલસીભાઈ નાકરાણી, વીરેન્દ્રભાઈ માવાણી, ખજાનચી પ્રવિણભાઈ ધોળું, નરસિંહભાઈ સેંઘાણી આ નવ નિયુક્ત ટ્રસ્ટીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું જેમાં બોરીવલી સમાજ વતી વા.ચેરમેન શ્રી શાંતિલાલ રતનસી રૂડાણી તેમજ ટ્રસ્ટી શ્રી વિઠ્ઠલભાઈ માવજી હળપાણીનું પણ વિશેષ સન્માન કરી અભિનંદન આપવામાં આવ્યા હતા. શ્રી બોરીવલી કડવા પાટીદાર સમાજના ૭૮ વર્ષથી ઉપરના ૨૦ વડીલશ્રીઓનું વડીલ વંદના સ્વરૂપે સન્માન કરવામાં આવ્યું હતું. વડીલોએ સમાજ અને પરિવાર માટે કરેલા કાર્યોની સરહાના કરવામાં આવી હતી.

શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કારધામ પ્રેરિત બાળ સંસ્કાર કેન્દ્ર બોરીવલીમા સેવા આપતી ચાર બહેનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

મહાનુભાવોના વક્તવ્યમાં ટ્રસ્ટ ફંડના ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણીએ જણાવ્યું કે પાટીદારની વસ્તીમાં વધારો થવો જોઈએ તેમજ શિક્ષણ અને આરોગ્ય ઉપર આપણે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આપણે સરદાર વલ્લભભાઈ પટેલ તેમજ નરેન્દ્રભાઈ મોદીના આદર્શોને આપણે આત્મસાત કરવાની જરૂર છે. શ્રી હીરાભાઈ રામજીયાણીએ સમાજની ચાલતી ગતિ વિધિઓ પર પ્રકાશ પાડ્યો હતો. સમાજના પ્રમુખશ્રી જયંતીભાઈ છાભૈયાએ જણાવેલ કે સમાજમાં એકતા હોવી જરૂરી છે કેમકે દીકરા દીકરીની સગપણની સમસ્યા હોય કે ભણતરની સમસ્યા હોય તો આપણે સાથે રહીને તેનુ સમાધાન કરી શકાશે. અંતે શ્રી બોરવલી કચ્છી કડવા પાટીદાર સમાજની કારોબારીને ત્રણ વર્ષ પૂર્ણ થતા નવી કારોબારીની રચના સર્વાનુંમતે કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ શ્રી હીરાલાલભાઈ માવજી રામજીયાણી તેમજ મહામંત્રી શ્રી તુલસીભાઈ લખમસી વાસાણીની નિમણૂક કરવામાં આવી હતી.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન તુલસીભાઈ વાસાણી દ્વારા કરવામાં આવ્યું હતું. સરસ્વતી સન્માનનું સંચાલન યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. અને સુરેશભાઈ પરવાડીયાએ આવેલ તમામ ભાઈ બહેનોનો આભારમાની સામાન્ય સભાને પૂર્ણ થયેલ જાહેર કરી હતી.

**શ્રી બોરીવલી કચ્છી કડવા પાટીદાર સમાજ**

**નવરચીત કારોબારી યાદી વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૮**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શ્રી હીરાલાલ માવજી રામજીયાણી |
| ઉપપ્રમુખ | : | શ્રી વિઠ્ઠલભાઈ માવજી હળપાણી |
| ઉપપ્રમુખ | : | શ્રી અરવિંદભાઈ શિવજી પોકાર |
| મહામંત્રી | : | શ્રી તુલસીભાઈ લખમશી વાસાણી |
| સહમંત્રી | : | શ્રી સુરેશભાઈ કરસન પરવાડીયા |
| સહમંત્રી | : | શ્રી અરવિંદભાઈ હીરાલાલ રામાણી |
| ખજાનચી | : | શ્રી જીતેન્દ્રભાઈ જીવરાજ છાભૈયા |
| સહ ખજાનચી | : | શ્રી રમેશભાઈ હંસરાજ વાસાણી |
| સહ ખજાનચી | : | શ્રી પ્રમોદભાઈ લખમશી સેંઘાણી |
| સભ્યશ્રીઓ | : | શ્રી શાંતિભાઈ રતનશી રૂડાણી |
| | | શ્રી વસંતભાઈ નારણ રંગાણી |
| | | શ્રી પરેશભાઈ નાનજી પ્રેમજીયાણી |
| | | શ્રી કિશોરભાઈ હરિભાઈ છાભૈયા |
| | | શ્રી મોહનભાઈ મેઘજી પોકાર |
| | | શ્રી બાબુભાઈ ગંગદાસ ભગત |
| | | શ્રી પ્રેમજીભાઈ અબજી પોકાર |
| | | શ્રી કાંતિભાઈ લધા ધોળુ |
| | | શ્રી મનસુખભાઈ શીવદાસ વાસાણી |
| | | શ્રી દિનેશભાઈ શિવજી રામજીયાણી |
| | | શ્રી હરેશભાઈ નારણ પરવાડીયા |
| | | શ્રી રાજેશભાઈ નારણ પોકાર |

ઉપરોક્ત સમાજના નવા નીમાયેલા તમામ કર્ણધારોને ખૂબ ખૂબ અભિનંદન.

**લિ. પ્રમુખ : શ્રી હીરાલાલ માવજી રામજીયાણી**

**મહામંત્રી : શ્રી તુલસીભાઈ લખમશી વસાણી**

શ્રી ક.ક.પા.જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ.....

પાના નં. ૩થી ચાલું...

મેનેજીંગ ટ્રસ્ટી પ્રકાશ માવાણી સ્નેહમિલન સત્રની પુર્ણતા કરેલ અને સરસ્વતી સન્માન માટે મુંબઈ યુવા મંડળના મહામંત્રીને સંચાલન સોપેલ જેમાં ટ્રસ્ટ ફંડ દ્વારા સરસ્વતી સન્માન આયોજન અને સંચાલન યુવક મંડળ દ્વારા ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુઅટ ઉતર્ણિય થયેલા તમામ વિદ્યાર્થીઓનું સન્માન ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવેલ હતાં. ડીગ્રી મેળવેલ વિદ્યાર્થીઓને ખાસ પુરસ્કાર મોમેન્ટો દ્વારા કરવામાં આવેલ હતા. સરસ્વતી સન્માનીત દરેક વિદ્યાર્થીનું આવેલ જ્ઞાતિજનોએ તાળીઓથી અભિવાદન કર્યું હતું. વિશેષમાં ડૉ. સ્નેહાબેન હેમિકા વિરેન્દ્ર પોકારને ''પાટીદાર વિરલ'' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેઓ એમ.એસ. પોકાર હાઈસ્કુલના પ્રિન્સીપલ તરીકે સેવા આપી રહ્યા છે. સફળે સ્થિત આ સંસ્થા પરંપરાગત શાળાની છબીને પરિવર્તિત કરીને એક જીવંત ઉત્સાહભર્યું અને અનુભવી શૈક્ષણિક પ્રવાસ બની છે. જેના માટે ડૉ. સ્નેહાબેનને ગર્વન્મેન્ટ ઓફ મહારાષ્ટ્ર તરફથી સૌથી યુવા

અનુસંધાન પાના નં. ૪ પર...

**********************************************************************************

**શ્રી ક.ક.પા.જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ.....** પાના નં. ૧થી ચાલું...

શુભકામના અને બીજું સત્ર આપણે સરસ્વતી સન્માનનું લેવામાં આવશે. પ્રથમ સત્ર સ્નેહમિલન નવા વર્ષના શુભકામના માટે સભ્યોને આમંત્રણ આપ્યું જેમાં પ્રથમ પૂર્વ ચેરમેન કરમશીભાઈ રામજીયાણી, છગનલાલ રામજીયાણી અને છગન પોકાર, ટ્રસ્ટી વિઠ્ઠલભાઈ હળપાણી અન્યમાં પૂર્વ મહિલા મંડળ પ્રમુખ હેમિકાબેન પોકાર, ઘાટકોપર સમાજના ઉપપ્રમુખ જીગ્નેશ ચૌહાણ, બાલ સઁસ્કાર કેન્દ્ર ચલાવતા પ્રીતિબેન જયેશ ભગત, હેમલતાબેન પારસીયા, યુવા મંડળ પ્રમુખ વિનય છાભૈયા, મહિલા પ્રમુખ વર્ષાબેન દીવાણી વગેરે દ્વારા સવંત વર્ષ ૨૦૮૨ નવા વર્ષની શુભકામના પાઠવેલ અને સરસ્વતી સન્માનમાં ઉતરણીય થયેલ વિદ્યાર્થીઓને અભિનંદન આપેલ હતા જેમાં ચેરમેન કાંતિલાલ સેંઘાણી દ્વારા ટ્રસ્ટની ગતિવિધિની માહિતી આપેલ નવા વર્ષની શુભકામના સાથે સરસ્વતી સન્માન આયોજનમાં યુવક મંડળ દ્વારા જે મહેનત કરવામાં આવી છે તે બદલ યુવાનોને બિરદાવેલ હતા.











અનુસંધાન પાના નં. ૨ પર...

**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત**
**સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ**


## સાયટીકા
## (દવા વગર કુદરતી ઉપચાર)


- મનુષ્યના શરીરમાં સાયટીક નસ એ સૌથી મોટી એક નસ છે.જે કરોડરજ્જૂના ૨ લમ્બર ભાગ (L4,L5) અને 3 સેકરલ ભાગ (S1, 52, 53)માંથી આવે છે.
- તે કરોડરજ્જૂના નીચેના ભાગમાંથી બંને બાજુએથી શરૂ થઈ બંને નિતંબમાંથી પસાર થઈ સાથળની પાછલી બાજુએથી થઈ છેક પગના તળિયા સુધી જાય છે.
- આ સાયટીક નસનું મુખ્ય કાર્ય કરોડરજ્જૂને પગ અને પગના પંજાની માંસપેશીઓથી જોડવાનું છે.
- સામાન્ય રીતે સાયટીક નસનો દુ:ખાવો નીચેના (લંબર) ભાગ થી શરૂ થઈ પગના પાછળના ભાગમાંથી થઈ પગના તળિયા સુધી વિસ્તરે છે. કયારેક કયારેક પગમાં સુન્નપણું, ઝણઝણાટી અને માંસપેશીમાં નબળાઈ આવે છે.
- કોઈપણ જાતના સાયટીકા ના દુ:ખાવા કે પીડા દૂર કરવા માટે નીચેના પોઇન્ટ લગાડો.




ડાબા હાથની પહેલી આંગળીમાં પેટ સંબંધિત એરિયામાં ગ્રીન,બ્લુ,ગ્રીન કરીને મગ તેમજ જમણા હાથ ની ટચલી આંગળી માં અજમો લગાડો.
(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)

ડાબા હાથ ની પહેલી આંગળીમાં મેથી, ત્રીજી આંગળીમાં 4 મગના દાણા તેમજ જમણા હાથની ટચલી આંગળી ના નખ પર અજમો લગાડો
(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




ડાબા અને જમણા પગની વચ્ચેની આંગળીમાં મેથી લગાડો (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773 શ્રુતિ સેંઘાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

**તંત્રી સ્થાને થી.....** પાના નં. ૧થી ચાલું...

કૃપા સૌ જીવો પર વરસાવે છે. આ ચાતુર્માસ દરમ્યાન જે જપ, તપ-શીલથી પ્રભુની ભક્તિ કરે છે તેના પણ લક્ષ્મીજી અસીમકૃપા વરસાવે છે અને જીવની સદ્‌ગતી થઈ જાય છે. આવો આપણે પણ દુંદાળાદેવી ગણપતિની પ્રેરણાથી તન, મન અને સંસ્કારોના વૈભવને મન ભરીને વહેંચીએ.

નુતનવર્ષ સૌને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને તંદુરસ્તીમય દીર્ઘાયુષ્ય બક્ષે અને આપણે જીવનની હરેક પળને માણતા રહીને જીવનને સાર્થક બનાવીએ એજ અભ્યર્થાના સહ નુતનવર્ષાભિનંદન.

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી, તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી, સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી સહતંત્રી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ
## મહિલા મંડળ મુંબઈ રજત જયંતિ મહોત્સવ કાર્યક્રમ

| | | |
|---|---|---|
| તારીખ | : | ૧૧/૧/૨૦૨૬ |
| વાર | : | રવિવાર |
| સમય | : | બપોરે ૨.૩૦ કલાકે |
| સ્થળ | : | ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ઘાટકોપર (ઈસ્ટ) |

મહિલા મંડળ મુંબઈ દ્વારા નવરાત્રી પર્વ નિમિત્તે ઓનલાઈન ગરબા ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં સમગ્ર મુંબઈમાંથી ૫૦ બહેનોએ ભાગ લીધેલ હતો જેમાંથી વિજેતા થયેલ બહેનોની યાદી નીચે મુજબ છે.

**પ્રથમ વિજેતા : ભક્તિ હિતેશ ડાયાણી (થાણા)**

**દ્વિતીય વિજેતા : જાન્હવી હિતેશ પોકાર (મલાડ)**

**તૃતિય વિજેતા : મોહિની આશિષ પોકાર (બદલાપુર)**

**લિ. પ્રમુખ : વર્ષાબેન નરેશ દિવાણી**

**મહામંત્રી : પુનમબેન નરેન્દ્ર રામજીયાણી**

## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ ઘાટકોપર દ્વારા આયોજિત જીવનની નવી ઉડાન - Second Innings

આ સેકન્ડ ઈનિંગના પ્લેયર એટલે આપ સૌ વડીલો અને અમારા પથ દર્શક. ઘાટકોપર મહિલા મંડળ આપ સૌને આમંત્રિત કરે છે મજા મસ્તી અને સ્મિતોથી ભરપૂર એક યાદગાર દિવસને માણવા.

તો આવો પૂરા ઉત્સાહ અને ઉમંગથી તેને યાદગાર બનાવીએ અને ઉજવીએ.

| | | |
|---|---|---|
| તારીખ | : | ૭ જાન્યુઆરી, બુધવાર ૨૦૨૬ |
| સમય | : | સાંજે ૪.૦૦ થી ૮.૦૦ કલાકે |
| વય મર્યાદા | : | ૫૬ વર્ષથી ઉપર |
| એન્ટ્રી ફી | : | ૨૦૦ રૂપિયા |
| સ્થળ | : | પાટીદાર વાડી, ઘાટકોપર |

**નામ નોંધાવવા માટે સંપર્ક :-**

જ્યોતિ પારસીયા : ૯૯૬૭૪૬૮૧૧૬ – ઉર્મિલા ધોળુ : ૯૨૨૪૭૯૮૪૬૯

**ખાસ નોંધ : ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

**વાડીમાં પહોંચવાનો સમય : ૩.૪૫ રહેશે.**

## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)
## વાર્ષિક સામાન્ય સભા - ૨૦૨૪-૨૦૨૫
## સરસ્વતી સન્માન અને સ્નેહમિલન

શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈના સભ્યોને જણાવવાનું કે આગામી વાર્ષિક સામાન્ય સભા તથા સરસ્વતી સન્માન અને સ્નેહ મિલન તા. ૨૯-૧૧-૨૦૨૫ના શનિવારે ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે બપોરે ૩.૦૦ કલાકે શરૂઆત કરવામાં આવશે. આ વાર્ષિક સામાન્ય સભામાં દરેક સભ્યોને હાર્દિક આમંત્રણ છે.

એજન્ડા :-

૧) સ્વાગત, સ્થાન ગ્રહણ અને દીપ પ્રાગટ્ય.
૨) ગત સામાન્ય સભાની મિનીટ્સનું વાંચન અને બહાલી
૩) વાર્ષિક હિસાબની રજુઆત અને બહાલી.
૪) ખુલ્લોમંચ.
૫) સરસ્વતી સન્માનની શરૂઆત.
૬) યુવા સંઘ, મહિલા સંઘ અને વડીલ સંસ્થા ટ્રસ્ટ ફંડ અને મુંબઈ ઝોનના આર્શીવચન.
૭) પ્રમુખ સ્થાનેથી રજુઆત અને ઉદ્બોધન.
૮) આભાર, રાષ્ટ્રગીત બાદ સામાન્ય સભાની પૂર્ણતા.

**નોંધ : રાત્રે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

*** સરસ્વતી સન્માન મેળવવાની પાત્રતાના ધોરણો નીચે મુજબ છે ***

| ધોરણ | ગુણાંક |
|---|---|
| ૧ - ૪ | ૮૫% વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| ૫ - ૯ | ૭૫% વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| ૧૦ - ૧૨ | ૬૦% વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| ૧૨ થી ઉપરના | કોઈપણ પરીક્ષામાં ઉતીર્ણ થનાર દરેકને |

ઉપરોક્ત પાત્રતા ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીઓના પરિણામ પત્ર (રીઝલ્ટ) ગુગલ લીંક પર અપલોડ કરવાના રહેશે જેની જાણ સમાજના વોટ્સપગ્રુપમાં કરવામાં આવશે.

* ફોટોની સાઈઝ ૧ એમબી થી નાની હોવી ફરજીયાત છે (Whatsapp Image)

* ૨ ફોટો અપલોડ કરવાના રહેશે જેમાં એક ફોટામાં નામ અને ધોરણની વિગતો હોવી જરૂરી છે અને બીજા ફોટામાં ફાઈનલ પરીક્ષાના માર્ક્સ દેખાવા જરૂરી છે.

**પ્રમુખ : શ્રી પ્રફુલ રસિકલાલ નાકરાણી-મહામંત્રી : શ્રી રૂપેશ ડાયાલાલ સાંખલા**

નોંધ : ઘાટકોપર સમાજના સભ્યોને કુટુંબ દીઠ એક કેલેન્ડર આપવામાં આવશે.

**શ્રી ક.ક.પા.જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ.....** પાના નં. ૧થી ચાલુ...

પ્રિન્સીપાલના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. વિરલ પુરસ્કાર માટે ચેરમેન કાન્તિભાઈ સેંઘાણી અને મે.ટ્રસ્ટી પ્રકાશ માવાણી દ્વારા વિરલ પુસ્કાર મેળવનાર ડૉ. સ્નેહા હેમિકા વિરેન્દ્ર પોકારને સન્માનીત કરેલ હતા.

સભાના અંતમાં આભાર માટે ટ્રસ્ટી રમણીકલાલ પોકારે નવા વર્ષ નિમિત્તે શુભકામના અને સરસ્વતી સન્માન માટે આવેલ વડીલો, માતાઓ, યુવાનો જ્ઞાતિજનનો આભાર માનેલ હતો અને ખાસ ડૉ. સ્નેહા હેમીકા વીરેન્દ્ર પોકાર પરિવારનો પરિવારને, યુવા મંડળ મુંબઈ જેમને સરસ્વતી સન્માનની બધી જવાબદારી નિભાવવા બદલ, નામી અનામી સર્વનો આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રગીત ગાઈ કુળદેવી માં ઉમિયા અને ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણની જય સાથે આજની સભા પૂર્ણ કરેલ હતી.

નોંધ : સર્વે જ્ઞાતિજનોને અને વિદ્યાર્થી ને વિનંતી સ્નેહમિલનનું લાઈવ પ્રસારણ કરવામાં આવેલ હતું જેનું યુટ્યુબ પર ડાઉનલોડ કરેલ છે તેને જોશો, સાંભળશો અને માણસો એવી ટ્રસ્ટ ફંડ મુંબઈ વતીથી જ્ઞાતિજનોને અપીલ છે.

**લી. ચેરમેન : કાંતિલાલ સેંઘાણી**

**મેનેજીંગ ટ્રસ્ટી : પ્રકાશ માવાણી**